# રાજકોટના મે.એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નં.૯૮૫૪/૨૦૨૦**
**આંક : ૦૫**

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : **સંજયભાઈ રવજીભાઈ સલાટ**

**ગુન્હો : ઈ.પી.કોડની કલમ–૨૬૯ અન્વયે...**

## ::: ચુકાદો :::

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ઈ.પી.કોડની કલમ–૨૬૯ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ કોરોના વાયરસની વૈશ્વિક મહામારી જાહેર થયા બાદ થયેલ લોકડાઉનના સમયમાં આરોપીએ સદર વાયરસ ચેપી હોય જેનાથી માનવ જીંદગી જોખમાય તેમ હોવાનું જાણવા છતા બેફીકરાઈથી, બિન–જવાબદાર રીતે કોઈ વ્યાજબી કારણ સિવાય પોલીસ પેપર્સમાં જણાવેલ સમયે, સ્થળે બિન–જરૂરી બહાર નીકળી ઈ.પી.કો.ની કલમ–૨૬૯ મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજીરોટીની તલાશ/કામગીરીમાં આવા પ્રકારનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું પરંતુ આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમા લેતા <u>તેમ જ ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર( ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, આ કામમાં આરોપીને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનુંછું આરોપીની સામેના ગુનાને લક્ષમા લેતા, અર્ધગ્રામ્ય વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગો તથા રજુઆતોને લક્ષમા લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગો ધ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે , જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

**<u>–:હુકમ:–</u>**

૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ **ઈ.પી.કોડની કલમ–૨૬૯.** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ **રૂા. ૧૦૦/–..(અંકે રુપીયા..એકસો. પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાંઆવે છે.

૨) દંડ કસૂર બદલ દિવસ–૧૦ ની સાદી કેદ ભોગવવી.

૩) મુદ્દામાલ વાહન (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય બાદક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાંઆવે છે અને આવો કોઈ હુકમ બાકી હોય તો જ તેવા સંજોગોમાં વાહન માલીકને મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી બિનશરતી સોંપી આપવાનું રહેશે. બિન–કિમતી મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે..

૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટેઅમલમાંરાખવાનો હુકમ કરવામાંઆવે છે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૭/૨૦૨૧.
રાજકોટ.(લો.અ.–સ્પેસીટીંગ)

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, રાજકોટ.
(જી.જે.૦૦૮૬૪)